# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર. : ૧. (ક) પાઠપૂર્તિ કરો :**

(૧) નમંસામિ ................................ પજ્જુવાસામિ

જ. (૧) નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ.

(૨) ઈચ્છામિ ................................ હરિયક્કમણે

જ. (૨) ઈચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે.

(૩) કાઉસ્સગ્ગં ................................ ઉડ્ડુએણં

જ. (૩) કાઉસ્સગ્ગં અન્નત્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જભાઈએણં ઉડ્ડુએણં.

(૪) સીયલ ................................ વંદામિ

જ. (૪) સીયલ સિજ્જસ વાસુપુજ્જંચ વિમલ મણંતં ચ જિણં ધમ્મં સંતિ વંદામિ.

(૫) જોગં ................................ નકરેમિ

જ. (૫) જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ.

(૬) ધમ્મ નાયગાણં ......................... અપ્પડિહય

જ. (૬) ધમ્મ નાયગાણં ધમ્મ સારહીણં ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટિણં દીવો તાણં સરણ ગઈ પઈટ્ઠાણં અપ્પડિહય.

(૭) તે આલોઉં ............................. કરણયા

જ. (૭) તે આલોઉં મણ દુપ્પણિહાણે વયદુપ્પણિહાણે કાય દુપ્પણિહાણં સામાઈયસ્સ સઈ અક્કરણયા સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા.

(૮) સામાયિકમાં ............................. મનવચન કાયાએ

જ. (૮) સામાયિકમાં અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં અજાણતાં મન-વચન-કાયાએ.

**(ખ) નીચેના ગુજરાતી અર્થ લખો :**

(૧) નમો આયરિયાણં - **જવાબ :** આચાર્ય ભગવંતોને નમસ્કાર હો
(૨) સક્કારેમિ - **જવાબ :** સત્કાર કરું છું
(૩) હુજ્જમે - **જવાબ :** હજો, મારો
(૪) પાવાણં કમ્માણં - **જવાબ :** પાપ કર્મોનો
(૫) અભિહયા - **જવાબ :** સામા આવતાં હણ્યા હોય
(૬) ઉડ્ડુએણં - **જવાબ :** ઓડકાર આવવાથી
(૭) હરીયક્કમણે - **જવાબ :** લીલી વનસ્પતિ કચરી હોય
(૮) આયાહિણં - **જવાબ :** પોતાના જમણા કાનથી શરૂ કરીને

**(ગ) મૂળ પાઠ લખો :**

(૧) સન્માન આપું છું – **જવાબ :** સમ્માણેમિ
(૨) પ્રદક્ષિણા કરીને – **જવાબ :** પયાહિણં
(૩) રસ્તામાં જતા-આવતા – **જવાબ :** ગમણાગમણે
(૪) સચિત બીજોને કચર્યા હોય – **જવાબ :** બીયક્કમણે
૫) સૂક્ષ્મપણે શરીર હલાવવાથી – **જવાબ :** સુહુમેહિં અંગ સંચાલેહિં
૬) નમસ્કાર કરીને – **જવાબ :** નમોક્કારેણં
૭) અરિહંત – **જવાબ :** અરિહંતાણં
૮) સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય - **જવાબ :** સંઘટ્ટિયા

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) અરિહંત અને સિધ્ધમાં મોટા કોણ છે ? શા માટે ?

જ. (૧) દેહરહિત સિદ્ધ ભગવાન મોટા કહેવાય છે, કારણ કે તેઓ આઠ કર્મોનો ક્ષય (નાશ) કરી મોક્ષ પામ્યા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આ જ્ઞાન-દર્શન ગુણમાં બંને સમાન છે.

(૨) અરિહંતને કેટલા કર્મ બાકી છે ? તીર્થ કોણ સ્થાપે ?

**જ. (૨) અરિહંતને ૪ કર્મ બાકી છે. (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર).**
**તીર્થની સ્થાપના તીર્થંકર કરે છે.**

(૩) ગુરુવંદન અને પ્રદક્ષિણાની વિધિનો પાઠ કયો ? વંદના કેટલી વાર કરાય ?

**જ. (૩) સામાયિકનો બીજો તિક-ખુત્તોનો પાઠ ગુરુવંદના અને પ્રદક્ષિણાનો વિધિનો છે.**
**વંદના ત્રણ વાર કરાય.**

(૪) ગુરુવંદનાના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

**જ. (૪) ગુરુવંદનના ત્રણ પ્રકાર છે ૧) જઘન્ય વંદના. રસ્તામાં ચાલતા સાધુ-સાધ્વીજી મળી જાય તો તેમને બે હાથ જોડી માથું નમાવવું અને 'મત્થએણ વંદામિ' બોલીને નમસ્કાર કરવા. ૨) મધ્યમ વંદના-પંચાંગ નમાવીને તિક્ખુત્તોના પાઠ કરાય છે. ૩) ઉત્કૃષ્ટ વંદના - પ્રતિક્રમણના ત્રીજા પાઠ વડે કરાય છે.**

(૫) શુદ્ધ ભાવનાથી વંદન કરવાનું ફળ કોને મળ્યું ? ઉત્કૃષ્ટ વંદના કયા આસને કરાય છે ?

**જ. (૫) શુદ્ધ ભાવનાથી વંદન કરવાનું ફળ કૃષ્ણ મહારાજાને મળ્યું.**
**ઉત્કૃષ્ટ વંદના ગોદોહિકાસાને કરાય છે.**

---

**પ્ર. : ૨. (ક)સામાન્ય સમજણ – જવાબ લખો :**

(૧) આઠમા અને વીસમા તીર્થંકરના નામ લખો.

**જ. (૧) તીર્થંકર - ૮ - શ્રી ચંદ્રપ્રભ સ્વામી**
**૨૦ - શ્રી મુનિસુવ્રત સ્વામી**

(૨) ત્રીજા અને છઠ્ઠા ગણધરના નામ લખો.

**જ. (૨) ગણધર - ૩ - વાયુભૂતિ**
**૬ - મૌર્યપુત્ર**

(૩) બીજા અને પાંચમા શ્રાવકના નામ લખો.

**જ. (૩) શ્રાવક - ૨ - કામદેવ શ્રાવક**
**૫ - ચુલ્લણી શતક શ્રાવક**

(૪) ચોથા અને બારમા સતીનું નામ લખો.

**જ. (૪) સતી - ૪ - રાજેમતિ**
**૧૨ - કુંતા**

(૫) પહેલું અને ત્રીજું છ'કાયનું ગોત્ર લખો

**જ. (૫) છ'કાયનું ગોત્ર - ૧ - પૃથ્વીકાય**
**૩ - તેઉકાય**

(૬) બીજું અને છઠ્ઠું તત્વનું નામ લખો.

**જ. (૬) તત્વ - ૨ - અજીવ તત્વ**
**૬ - સંવર તત્વ**

(૭) પહેલું અને આઠમું કર્મનું નામ લખો.

**જ. (૭) કર્મ - ૧ - જ્ઞાનાવરણીય કર્મ**
**૮ - અંતરાય કર્મ**

(૮) આપણો ધર્મ કયો ?

**જ. (૮) ધર્મ - કેવલી પ્રરૂપિત ધર્મ**

---

**સંસ્કાર વિભાગ :**

**પ્ર.: ૩. (ક) નીચેના પ્રશ્નના જવાબ આપો :**

(૧) મારું સારું કરનાર કોણ ?

**જ. (૧) હું પોતે જ છું.**

(૨) શૂરવીર કોણ ?

**જ. (૨) મનને જીતે તે.**

(૩) ઉત્તમ દાન કયા કયા છે ?

**જ. (૩) અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન અને ઉચિત દાન**

(૪) મૂર્ખ કોણ ?

**જ. (૪) અમૂલ્ય માનવભવ ગુમાવે તે.**

(૫) માળા શા માટે ગણવી જોઈએ ?

**જ. (૫) માળા ગણવાથી મનને શાંતિ મળે અને કર્મનિર્જરા થાય છે.**

(૬) બીજાના દોષ જોવાથી શું નુકસાન થાય ?

**જ. (૬) બીજાના દોષ જોવાથી - આપણામાં દોષ આવે, આપણાં ગુણો જાય.**

(૭) વિવેક કોને કહેવાય ?

**જ. (૭) પોતાના આત્માનું અને જીવનનું હિત ક્યાં છે અને ક્યાં નથી ? તે વિચારીને વર્તન કરવું તેને વિવેક કહેવાય છે.**

(૮) ધર્મનું મૂળ શું છે ?

**જ. (૮) વિનય ધર્મનું મૂળ છે.**

(૯) જૈનશાળામાં જવાથી શું લાભ થાય છે ?

**જ. (૯) જૈનશાળામાં રોજ જવું જોઈએ કારણ કે ૧) સાચા દેવ, ગુરુ અને ધર્મની ઓળખાણ થાય છે. ૨) વિનય, વિવેક, શિસ્ત અને નમ્રતા શીખવા મળે છે. ૩) જીવ-અજીવની જાણકારી મળવાથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ થાય છે. ૪) માતા-પિતા અને વડીલોના ઉપકારની જાણ થાય છે. ૫) ધાર્મિક સંસ્કારો મળે છે. ૬) સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનાં આ રણ દ્વારા મોક્ષ મેળવવાનો ઉપાય જાણવા મળે છે. ૭) ધર્મનું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં આદર્શ નાગરિક, શ્રાવક, શ્રાવિકા, સાધુ કે સાધ્વી બની શકાય છે.**

(૧૦) ગુચ્છો શેનો બનેલો છે ?

**જ. (૧૦) ગુચ્છો ઊનનો બનેલો હોય છે.** .

**(ખ) ખાલી જગ્યા પૂરો :**

(૧) ............ એ પુસ્તક મૂકવાનું યોગ્ય સાધન છે.

**જ. (૧) <u>ઠવણી</u> એ પુસ્તક મૂકવાનું યોગ્ય સાધન છે.**

(૨) જેમ જેમ મોટા થઈએ તેમ ............ બનવું જોઈએ.

**જ. (૨) જેમ જેમ મોટા થઇએ તેમ <u>નમ્ર</u> બનવું જોઈએ.**

(૩) ધર્મ એટલે ............ અને ............ છોડવી.

**જ. (૩) ધર્મ એટલે <u>ભલાઈ</u> કરવી અને <u>બૂરાઈ</u> છોડવી.**

(૪) ............ એ કિંમતી ધનભંડાર છે.

**જ. (૪) <u>વિવેક</u> એ કિંમતી ધનભંડાર છે.**

---

**પ્ર. : ૪. કથા વિભાગ :**

(૧) ભગવાન મહાવીર કેટલામા વર્ષે નિર્વાણ પામ્યા ? અને કયા દિવસે

**જ. (૧) ભગવાન મહાવીર ૭૨ વર્ષની ઉંમરે અને આસો વદ અમાસ (દિવાળી)ના દિવસે નિર્વાણ પામ્યા.**

(૨) અમરકુમાર અગ્નિમાં પ્રવેશ્યા પછી શ્રેણિક રાજાને શું થયું ?

**જ. (૨) અમરકુમાર અગ્નિમાં પ્રવેશ્યા પછી અચાનક શ્રેણિકરાજા ચક્કર ખાઈને જમીન પર બેહોશ થઈ ગયા.**

(૩) ગૌતમ સ્વામીના ગુરુ કોણ હતા ? તે કયા નગરમાં પધાર્યા ?

**જ. (૩) ગૌતમ સ્વામીના ગુરુ ભગવાન મહાવીર સ્વામી હત. તે પોલાસપુર નગરમાં પધાર્યા.**

(૪) અતિમુક્તકુમારે બાળસહજ કઈ ચેષ્ટા કરી ?

**જ. (૪) અતમુક્તકુમારે બાળસહજ ચેષ્ટાથી તેમણે માટીની પાળી બાંધી અને પાણી રોકી લીધું તથા તેમાં પોતાનું પાત્રું પાણીમાં તરતું મૂકી દીધું. ''મારા હોડી પાણીમાં તરે છે, મારી હોડી પાણીમાં તરે છે' એમ બોલવા લાગ્યા.**

(૫) ભગવાન મહાવીરે દીક્ષા લેવા માટે કોની આજ્ઞા માગી ? કેટલામા વર્ષે દીક્ષા ગ્રહણ કરી ?

**જ. (૫) ભગવાન મહાવીરે દીક્ષા લેવા માટે મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા માગી. ૩૦ વર્ષની યુવાન વયે દીક્ષા ગ્રહણ કરી.**

---

**પ્ર. : ૫. કાવ્ય વિભાગ :**

(૧) શ્રદ્ધાભરી છે ...................... ધર્મ માટે ...................

**જ. (૧) શ્રદ્ધાભરી છે અંતરમાં ને રંગ લાગ્યા છે રગરગમાં,**
**નવ તત્વોનું જ્ઞાન છે, ભાઈ મહાવીરનાંસંતાન છે....**
**જન્મ્યા છે તો ધર્મને માટે, જીવવું છે તો ધર્મને માટે.**

(૨) સકલ મંગલ ....................... વર્યા છે જ્ઞાન ................

**જ. (૨) સકલ મંગલ મહી મંગલ, પ્રથમ મંગલ ગણું જેને,**
**પ્રભુ તે પંચપરમેષ્ઠી, નમું છું ભાવથી તેને....**
**અરિહંતો જિનેશ્વર જે, જીતો ને રાગ દ્વેષોને,**
**વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને ...**

(૩) ભણાવે જે ........................ ગુંથાયા .....................

**જ. (૩) ભણાવે જે ઉપાધ્યાયો, સકળ સિદ્ધાંત સમજીને,**
**રમે છે જ્ઞાનના દાને, નમુંછું ભાવથી તેને...**
**અખિલ લોકે મુનિરાજો, જગતના મોહ મારીને,**
**ગુંથાયા આત્મ શુદ્ધિમાં, નમું છું ભાવથી તેને...**

(૪) આપણે બનવું .................... સીતા જેવા .................

**જ. (૪) આપણે બનવું મહાવીર, આપણે બનવું ગૌતમ,**
**જંબૂ જેવા થઈએ, મહાવીરના શાસનમાં**
**ચંદનબાળા બનીએ, મૃગાવતી બનીએ,**
**સીતા જેવાં થઈએ, મહાવીરના શાસનમાં.**

(૫) મહાવીરના સંતાન શું કુરબાન કરે ?

**જ. (૫) તન મન ધન કુરબાન છે, ભાઈ મહાવીરના સંતાન છે.**

**॥ ''જય જિનેન્દ્ર'' ॥**